ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬




# દસ મિનિટનો ફોટોગ્રાફ

**ઈરાન ઇચ્છતું હતું કે તેની ધરતી પર હુમલા કરનારા દેશોનાં નામ લઈને તેમની નિંદા કરવામાં આવે, યુએઈ ઇચ્છતું હતું કે આ યુદ્ધનો માર પોતાને પણ પડ્યો છે તેની નોંધ લેવાય પણ પોતાના પર દોષ મૂક્યા વગર, કોઈને પોતાનું ધારેલું વાક્ય મળ્યું નહીં**

ગયા અઠવાડિયે શિખર સંમેલનની આગલી રાતે મધરાત વીતી ગયા પછી પણ ભારતીય વાટાઘાટકારો જાગતા હતા. બધાને માફક આવે, સ્વીકાર્ય હોય એવું વાક્ય બન્યું ત્યાં સુધીમાં તો સવારના લગભગ ચાર વાગી ગયા હતા. એ વાક્ય કંઈ બહુ ભારેભરખમ કે બહુ કંઈ કહી દેનારું નહોતું પણ એમાં એવી કંઈક વાત ચોક્કસ હતી જેને કારણે એક જ યુદ્ધના સામસામા છેડે ઊભેલા ઈરાન અને યુનાઈટેડ આરબ અમીરાત, યુદ્ધનું નામ લીધા વિના, બંને આ વાક્યને ટેકો આપી શકે.

એ જ દિવસે થોડા કલાકો પછી નેતાઓએ ભારત મંડપમ્ ખાતે વૃક્ષારોપણ કર્યું. સાત વર્ષ પછી ભારત આવેલા શી જિનપિંગ ગ્રુપ ફોટોગ્રાફ માટે ઊભા હતા. બાજુમાં પુતિન, મોદી, ઈરાન, દક્ષિણ આફ્રિકા અને ઈન્ડોનેશિયાના પ્રમુખો પણ હતા. પોતાના દેશના ગેરહાજર શાસકનું પ્રતિનિધિત્વ કરતા અબુ ધાબીના યુવરાજ પણ હતા. બધાંએ એક જ કેમેરા લેન્સમાં નજર કરી, જેને માટે અંગ્રેજીમાં એક સરસ શબ્દ છે, 'ફોટો ઑપ' - એ આ ક્ષણ હતી. બધા નેતાઓએ સરસ ડિપ્લોમેટિક સ્મિત કર્યું અને પટપટ કેમેરાની ચાંપો દબાઈ. આ ઘટનામાં બહુ બહુ તો દસેક મિનિટ લાગી હશે. સાંજે ભવ્ય ડિનર હતું.

આખા બ્રિક્સ સમિટનો સાર આમ તો આટલો જ: યોગ્ય વાક્ય રચવામાં સવાર પડી ગઈ, ફોટો પડાવતા દસ મિનિટ લાગી. આ અઢારમું બ્રિક્સ શિખર સંમેલન હતું. યજમાન અને અધ્યક્ષ તરીકે ભારતે આખું વર્ષ 'સ્થિતિસ્થાપકતા' એટલે કે રેઝિલિયન્સ શબ્દનું રટણ કર્યું હતું. સંમેલનની સત્તાવાર થીમમાં પણ એ જ હતું- સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું (રેઝિલિયન્સ, ઈનોવેશન, કૉઓપરેશન અને સસ્ટેનેબિલિટી). જ્યારે કંઈ બહુ તેજતર્રાર ઓળખ ટાળવી હોય ત્યારે સમિટને આવા છોગાં આપી શકાય. મોટાભાગની ગણતરી પ્રમાણે અગિયાર દેશો એક ટેબલ પર બેઠા હતા. જો કે સાઉદી અરેબિયાના સભ્યપદનો સવાલ છેલ્લાં બે વર્ષથી જ્યાં હતો ત્યાં જ છે. ભારતીય યજમાનો તેને સભ્ય ગણે છે, સાઉદી અધિકારીઓ પોતે હજી સ્પષ્ટપણે એવું કહેતા નથી અને આ સવાલનો નિવેડો લાવવાની કોઈને ઉતાવળ નથી. બ્રાઝિલ તરફથી લુલાને બદલે તેમના વિદેશપ્રધાન આવ્યા હતા. લુલા ચોથી મુદત માટે ચૂંટણી લડી રહ્યા છે અને મતદાનને માંડ ત્રણ અઠવાડિયાં બાકી હતાં.

જે વાક્ય પાછળ આખી રાત ગઈ તેનો અર્થ આ છે: 'મધ્ય પૂર્વ/પશ્ચિમ એશિયામાં સતત વધી રહેલા તણાવ અંગે અમે ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ અને આ મુદ્દે પોતપોતાના દેશોના વલણને યાદ કરતાં મહત્તમ સંયમ રાખવાની તથા પરિસ્થિતિ વધુ વણસે એવાં પગલાં ટાળવાની અપીલ કરીએ છીએ.'

ફરી વાંચો. આખા વાક્યનો ભાર એક જ શબ્દ પર છે- સંયમ. અહીં સંયમ કોઈ મૂલ્ય નથી, એક મોટુંમસ વાસણ છે. સીધેસીધું શું કહેવું એના પર સહમતી ન સાધી શકાય તો એ બધું એમાં ઠાલવી દો. ઈરાન ઈચ્છતું હતું કે તેની ધરતી પર હુમલા કરનારા દેશોનાં નામ લઈને તેમની નિંદા કરવામાં આવે. યુએઈ ઈચ્છતું હતું કે આ યુદ્ધનો માર પોતાને પણ પડ્યો છે તેની નોંધ લેવાય, પણ પોતાના પર દોષ મૂક્યા વગર. કોઈને પોતાનું ધારેલું વાક્ય મળ્યું નહીં. સૌને મળ્યો સંયમ. જે સૈદ્ધાંતિક રીતે સૌની પાસે કંઈક અપેક્ષા રાખે છે પણ વ્યવહારમાં કોઈની પાસેથી કશું માગતો નથી કારણ કે એ સંયમ માટે જવાબદાર ઠેરવી શકાય એવું કોઈ નામ ઘોષણાપત્રમાં છે જ નહીં.

આ એક શબ્દને કેવી કેવી બાબતોનો ભાર વેંઢારવો પડ્યો એ જોવા જેવું છે. ઘોષણાપત્ર સ્વીકારાયું ત્યારે આ સમૂહનો એક સભ્ય એવા દેશ સાથે સામસામા હુમલા કરી રહ્યો હતો જે આ સમૂહમાં છે જ નહીં. અગિયારમાંથી બે દેશો વર્ષનો મોટો ભાગ એ જ યુદ્ધની સામસામી બાજુએ ઊભા રહીને વિતાવી ચૂક્યા હતા અને આ શબ્દે એક વધુ દાવો પણ ઉપાડવાનો હતો - આ બધા મતભેદો વચ્ચે ભારતે 'સેતુ રચ્યો' હોવાનો દાવો. માત્ર સંયમના એક શબ્દના ટેકે ઊભેલા વાક્ય માટે આ વર્ણન થોડું વધારે પડતું ઉદાર છે. રાજદ્વારીઓ આને મોટી સફળતા કહે છે. ચોક્કસ શબ્દોમાં કહીએ તો, એક જ ફોન્ટમાં લખાયેલી અસહમત રહેવાની સહમતી છે.

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

બીજા મુદ્દાઓ પર ઘોષણાપત્રે હિંમત દેખાડી. પહેલગામ હુમલાની 'આકરામાં આકરા શબ્દોમાં' નિંદા થઈ. છવ્વીસ લોકોનાં મૃત્યુ. અહીં ગોળગોળ ભાષાની જરૂર નહોતી કારણ કે સહમત થવામાં કોઈનું કશું જતું નહોતું. વેપારને ખોરવતી આયાતજકાત (ટેરિફ) અને ત્રીજા પક્ષો પર લાદવામાં આવતા પ્રતિબંધોની (સેન્કશન્સ) પણ ટીકા થઈ. 'અમેરિકા' શબ્દ એકેય વાર લખ્યા વગર. આ નામ એટલી કાળજીથી ટાળવામાં આવ્યું છે કે તેની ગેરહાજરી જ પોતાનામાં એક નિવેદન બની જાય છે. વાક્યનું વર્ણન એક જ દેશને બંધબેસતું હોય તો નામ લેવાની જરૂર પણ ક્યાં છે?

ભારતને ખરેખર શું મળ્યું? એક ઘોષણાપત્ર પાછળ અગિયાર પ્રતિનિધિમંડળો. કોઈ ઊઠીને ગયું નહીં, કોઈ ફૂટ પડી નહીં. સાત વર્ષ પછી શી જિનપિંગની ભારતમાં હાજરી પણ કાં તો ખરેખર બે રાષ્ટ્રો વચ્ચે જામેલો બરફ ઓગળવાની નિશાની હોઈ શકે અથવા ઓછામાં ઓછું એવું જતાવતો ફોટોગ્રાફ માત્ર હોય એવું પણ બને - આ તો આપણે કયા અખબાર પર આધાર રાખીએ છીએ તેના પરથી નક્કી થાય.

નવી દિલ્હીને એવો મંચ મળ્યો જ્યાંથી તે વિશ્વસનીય રીતે કહી શકે કે તેણે કોઈ બીજાના યુદ્ધમાં કોઈ એક પક્ષની બાજુએ ઊભા રહ્યા વગર ગ્લોબલ સાઉથનું યજમાનપદ સંભાળ્યું. ભલે એ માટે બેઠકમાં યુદ્ધને પણ તેનું નામ લીધા વિના જગ્યા આપવી પડી હોય.

આ નાનીસૂની વાત નથી. બીજા લગભગ કોઈ મુદ્દે એકમત ન થતાં અગિયાર દેશો વચ્ચેની સહમતી પણ એક પ્રકારનું પાયાનું માળખું છે. તેના પર ધીમે ધીમે બાંધકામ થઈ શકે. ન્યૂ ડેવલપમેન્ટ બૅન્ક એ રીતે જ ઊભી થઈ છે. પોતપોતાનાં રાષ્ટ્રીય ચલણોમાં વેપારના હિસાબ ચૂકવવાનો મુદ્દો પણ એ રીતે વર્ષોવર્ષ ઘોષણાપત્રોમાં પાછો આવે છે. આ એક વ્યવહારુ પ્રયાસ છે; તેના માટે સૌનું એક જ ચલણ બનાવવું જરૂરી નથી. આ બધાની કિંમત શું ચૂકવાઈ એનો હિસાબ કરવો મુશ્કેલ છે અને એટલે જ બેઠકમાં બેઠેલા કોઈને એનો જવાબ પણ આપવો નહીં પડે. કોણે શું કર્યું એનાં નામ ટાળીને સહમતી સાધતો સમૂહ એક સોદો કરે છે: જવાબદારી નક્કી કરવાની ક્ષમતા જતી કરીને, જેમને જવાબદાર ઠેરવવાના હોય તેમની સાથે એક જ ઓરડામાં બેસી રહેવાની ક્ષમતા સાચવી લે છે. કદાચ આ વધુ સમજદારીભર્યો સોદો હશે પણ સૌથી અઘરા પ્રશ્નો પર આવું કહેવું અને કશું જ ન કહેવું, એ બંને વચ્ચેનો ફરક પારખવો મુશ્કેલ છે.

બ્રિક્સ વૈશ્વિક વ્યવસ્થામાં એક વૈકલ્પિક અવાજ બનવા માગે છે પણ સભ્યો વચ્ચેના સરહદી અને રાજકીય મતભેદો આ મહત્ત્વાકાંક્ષાને મર્યાદિત રાખે છે. ભારત માટે કસોટી બેવડી છે, પશ્ચિમ સાથેના સંબંધો સાચવવાના અને રશિયા તથા ચીન સાથે આ મંચ પર સક્રિય પણ રહેવાનું. એક વાક્ય ઘડવા માટે બંધ બારણે આખી રાત ચાલતી વાટાઘાટોમાં આ સંતુલનની કિંમત દેખાય છે. બ્રાઝિલના વિદેશપ્રધાન એવા દેશમાં પાછા ફર્યા જેના પ્રમુખને મતદાનના ત્રણ અઠવાડિયાં પહેલાં બીજે હાજર રહેવું વધુ જરૂરી લાગ્યું હતું. રિયાધ અને નવી દિલ્હી વચ્ચે ક્યાંક, સાઉદીના સભ્યપદનો સવાલ સંમેલન પૂરું થયા પછી પણ જ્યાં હતો ત્યાં જ રહ્યો. દરેકને સહમતીનું એટલું જ સ્વરૂપ મળ્યું જેટલું તેને પરવડે. સહમતી આખરે એ સિવાય બીજું હોય પણ શું?

## બાય ધી વે

સવારે ચાર વાગ્યા સુધી મહેનત કરીને તેમણે એક એવું વાક્ય લખ્યું જેનો છેવટે અર્થ એટલો જ થાય છે: આપણે અસહમત છીએ એના પર સહમત છીએ. બસ, શાંતિથી. આ કાં તો અગિયાર દેશોએ સાથે મળીને છેલ્લાં કેટલાંક વર્ષોમાં તૈયાર કરેલો સૌથી ચતુરાઈભર્યો દસ્તાવેજ છે અથવા કશું જ ન કહેવા માટે શોધી કાઢેલો સૌથી લાંબો રસ્તો. સાચું કહું તો, બેમાંથી કયું છે એ હું કહી શકતી નથી. મને શંકા છે કે હાજર રહેલા દેશો પોતે પણ કહી શકે તેમ નથી.

# નારી શક્તિને વંદન કે માત્ર શબ્દોની રમત?

**દીકરીને ડાહી અને સંતોષી તરીકે ઓળખાવવી એ ઉદારતા અને સંસ્કાર નથી, તેને તેનું સ્થાન અને સંપતીમાં હિસ્સો આપવો એ ખરી કસોટી છે, સહિષ્ણુતા છે**

કાયદા પંચે તેના ૨૦૧૮ના અહેવાલમાં નોંધ્યું છે કે સમાન નાગરિક ધારો (યુનિફોર્મ સિવિલ કોડ) હોવા ન હોવાથી કોઈ મોટો ફરક પડવાનો નથી કારણ કે સમાન નાગરિક ધારાનો ઉદ્દેશ જો સ્ત્રીને ન્યાય આપવાનો હોય અને અન્યાય ન જ કરવાનો હોય તો મહત્ત્વ એ વાતનું નથી કે અલગ અલગ સમાજમાં સ્ત્રીનું તુલનાત્મક શું સ્થાન છે મહત્ત્વ એ વાતનું છે કે તમારા પોતાનાં પરિવારમાં અને તમારા પોતાનાં સમાજમાં સ્ત્રીનું શું સ્થાન છે? (અંગ્રેજીમાં કહ્યું છે; within family and within community and not between communities.) અને આ વાત હિંદુ સહિત દરેક કોમને લાગુ પડે છે.




આ નિરીક્ષણ હજુ એકવાર વાંચી લો, કારણ કે પોતાને બીજાં કરતાં મહાન, ન્યાયપ્રિય અને સુધરેલા માનનારા લોકો સામે આ કથન દર્પણ ધરવાનું કામ કરે છે. ડૉ રામ મનોહર લોહિયાએ પણ તેમની પ્રસિદ્ધ નાનકડી પુસ્તિકા 'હિંદુ વિરુદ્ધ હિંદુ'(હિન્દીમાં હિંદુ બનામ હિંદુ) માં આ જ વાત કહી છે. તેમણે કહ્યું છે કે હિંદુ સમાજમાં પરિવર્તન ઈચ્છનારાઓ અને પરિવર્તન નકારનારાઓ વચ્ચે હજારો વરસથી એક પ્રકારનો આંતરિક સંઘર્ષ ચાલી રહ્યો છે. ક્યારેક કોઈ વ્યક્તિને અને ક્યારેક સમાજના કોઈ એક હિસ્સાને કોઈ ને કોઈ પ્રકારના સામાજિક-ધાર્મિક રીવાજ અનુસાર બહાર રાખવા એ હિંદુ પીંડનો અંતર્ગત હિસ્સો છે અને તેને અંદર લેવા એમાં પરિવર્તન રહેલું છે અને પરિવર્તનશીલતાની એ અંતિમ કસોટી છે. તેમણે ચાર માપદંડ આપ્યા છે. ૧. જ્ઞાતિ, ૨. પરિવારમાં સ્ત્રીનું સ્થાન (આદર પ્રેમ નહીં, સ્થાન) ૩. સંપત્તી અને વારસાહક અને ૪. સહિષ્ણુતા.

પોતાને ઉચ્ચકુલીન, ઉચ્ચશિક્ષિત, આધુનિક, સભ્ય, સંસ્કારી તરીકે ઓળખાવનારા કેટલા હિંદુ મળી આવશે જે પોતાની દીકરી જો કોઈ દલિત યુવક સાથે કે મુસ્લિમ યુવક સાથે પરણવા માગતી હોય તો હોંશે હોંશે પરણાવશે? દીકરી પુખ્ત વયની છે, પોતાની રીતે અને પોતાની પસંદગીના યુવક સાથે તે જિંદગી જીવવા માગે છે તેનો તે અધિકાર છે અને હું કોણ અનુંમતી આપનાર એમ કેટલા લોકો સમજે છે? અરે મુસલમાન અને દલિત તો બાજુએ રહ્યા ઉચ્ચશિક્ષિત માંસાહારી હિંદુ પરિવારમાં પણ દીકરીને નહીં પરણાવે. આવી છે સમાનતાની સમજ અને સમાનતા સ્વીકારનારી સહિષ્ણુતા. આવી જ રીતે કેટલા કહેવાતા સુધરેલા હિંદુ પોતાની દીકરીને પરિવારમાં એટલું જ સ્થાન આપે છે જેટલું એ દીકરાને આપે છે અને મુખ્યત્વે સંપતીમાં તેના હક્કનો પૂરેપૂરો હિસ્સો આપે છે? કેટલા ભાઈ કહે છે કે બહેન કરતાં હું એક રૂપિયો વધારે નહીં લઉં. બહુ પોરસાઈને અને સંસ્કારિતાના ભાગરૂપે કહેશે કે દીકરી (કે બહેન) તેના સાસરે સુખી છે અને સંતોષી છે, તેને કશું જોઈતું નથી. દીકરીને ડાહી અને સંતોષી તરીકે ઓળખાવવી એ ઉદારતા અને સંસ્કાર નથી, તેને તેનું સ્થાન અને સંપતીમાં હિસ્સો આપવો એ ખરી કસોટી છે, સહિષ્ણુતા છે. સહિષ્ણુતા, ઉદારતા અને સંસ્કારિતાનો અંતિમ માપદંડ છે.

નો નોનસેન્સ
રમેશ ઓઝા

સરેરાશ હિંદુ માણસાઈના માપદંડની આ એરણ પર નિષ્ફળ નીવડે છે એટલે એ તરત પરિવારની અંદર અને પોતાના સમાજની અંદર ડોકિયું કરવાની જગ્યાએ અથવા આત્મનિરીક્ષણ કરવાની જગ્યાએ બીજા સાથે તુલના કરવા લાગે છે અને માટે કાયદા પંચે કહ્યું છે within family and community and not between communities. અને આ એક એવી તુલના છે જેમાં તુલના કરનારની સર્વોપરિતા પૂર્વનિશ્ચિત છે. મુસલમાન હિંદુ કરતાં પોતાને મહાન સમજે છે અને હિંદુ મુસલમાન કરતાં અને બન્નેમાંથી કોઈ પોતાની અંદર નજર કરવા તૈયાર નથી. એ ખોટનો ધંધો છે.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું છે કે ભાજપ સાશિત ૨૧ રાજ્યોમાં ૨૦૨૯ની સાલ સુધીમાં સમાન નાગરિક ધારો લાગુ કરવામાં આવશે. ઉત્તરાખંડમાં ૨૦૨૫થી આ ધારો લાગુ છે. ગુજરાત, આસામ અને મધ્ય પ્રદેશમાં ખરડો પસાર કરવામાં આવ્યો છે અને રાષ્ટ્રપતિની મંજુરીની રાહ જોવાઈ રહી છે. આની યાદ આવવાનું કારણ સ્ત્રીઓ માટેની મમતા અને ન્યાય છે? તમને યાદ અપાવું કે ૨૦૨૩ની સાલમાં બંધારણમાં સુધારો કરીને નારી શક્તિ વંદન અધિનિયમ ઘડવામાં આવ્યો હતો જેમાં રાજ્યો અને કેન્દ્રનાં લોકપ્રતિનિધિગૃહોમાં સ્ત્રીઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે જેને હજુ સુધી લાગુ કરવામાં આવ્યો નથી. સરકાર તેને પરિસીમન ખરડાની સાથે તેમ જ હવે પછી થનારી વસ્તી ગણતરી સાથે જોડે છે. શા માટે? "નારી શક્તિ"ને "વંદન"કરવા માટે રાહ જોવાની હોય! ભારી ભરખમ શબ્દો અને આપવાનું કશું જ નહીં. દીકરીનાં ખોટાં વખાણ કરનારાઓમાં અને નારી શક્તિને વંદન કરનારાઓમાં કોઈ ફરક નથી, બન્ને એક સરખા ખોટા છે.

તમને કદાચ જાણ હશે કે ૧૧મી એપ્રિલ ૧૯૪૭ના રોજ (આઝાદી મળી તેના ચાર મહિના પહેલાં) કેન્દ્રના કાયદા પ્રધાન ડૉ આંબેડકરે એ સમયની બંધારણસભા જે સાથે સાથે લોકસભા તરીકે પણ કામ કરતી હતી તેમાં હિંદુ કોડ બીલ રજૂ કર્યું હતું. હિંદુ સ્ત્રીઓને એક સાથે દરેક રીતે ન્યાય આપનારો એ ખરડો ત્યારે પસાર થઈ શક્યો નહોતો. પ્રચંડ વિરોધ થયો હતો અને મોટા ભાગના વિરોધ કરનારાઓ ઉચ્ચ કુલીન ઉચ્ચશિક્ષિત હિંદુ બ્રાહ્મણો હતા. લોકસભાની અંદર કોંગ્રેસી હિંદુઓ અને લોકસભાની બહાર સનાતની હિંદુઓના અનેક સંગઠન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, રામરાજ્ય પરિષદ વગેરેએ તેનો વિરોધ કર્યો હતો. ગૃહમાં અને ગૃહની બહાર એ સમયે થયેલી ચર્ચા ઉપલબ્ધ છે. તેમણે શું દલીલો કરી હતી એ જોઈ જશો તો ખ્યાલમાં આવશે કે એ સમયે સમાન નાગરિક ધારો બંધારણનો હિસ્સો કેમ નહોતો બની શક્યો. સમાન નાગરિક ધારાનો મુસલમાનોએ વિરોધ કર્યો હતો એટલે તે સમયે તેને બંધારણમાં આમેજ કરવામાં નહોતો આવ્યો અને તેને માર્ગદર્શક સિદ્ધાંતોની યાદીમાં ધકેલી દેવો પડ્યો એમ કહેવું એ સંપૂર્ણ સત્ય નથી. મુસલમાનોએ વિરોધ કર્યો હતો એ ખરું, પણ હિંદુઓએ ક્યાં હિંદુ કોડ બીલ પસાર થવા દીધું હતું.

સવર્ણ હિંદુઓનું વલણ જોઈને ડૉ આંબેડકર ઉશ્કેરાઈ ગયા હતા અને સવાલ કર્યો હતો જે લોકો પોતાનાં ઘરની, તેમની પોતાની માં બહેન અને દીકરીઓને ન્યાય આપતા નથી એ દલિતોને શું ખાખ નાય આપવાના છે! કોઈ જવાબ છે તમારી પાસે ડૉ આંબેડકરને આપવા માટે? એ સમયે જવાહરલાલ નેહરુએ ડૉ આંબેડકરને કહ્યું હતું કે સમય અને સમજાવટને પણ એક મોકો આપવો જોઈએ. ધીરજ ધરો, એક સાથે સ્ત્રીઓને ન્યાય આપવાનો વિરોધ થઈ રહ્યો છે તો આપણે ટૂકડે ટૂકડે, આસ્તે આસ્તે સમજાવીને, અનુકુળ ભૂમિકા બનાવીને એ બીલ પસાર કરીશું. ડૉ આંબેડકરે તો ગુસ્સામાં આવીને નેહરુના પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી દીધું, પણ નેહરુએ ૧૯૫૬ સુધીમાં ધીરે ધીરે ખરડાઓ પસાર કરાવતા જઈને હિંદુ સ્ત્રીઓને ન્યાય આપ્યો હતો. મૂળ હિંદુ કોડ બિલમાંથી કશું જ બાકી નહોતું રાખ્યું.

ન્યાય માટે પ્રતિબદ્ધતા હોય, માણસાઈ માટે નિસ્બત હોય, પરિવારની અંદર કોઈને અન્યાય થતો જોઈને દિલ દુભાતું હોય તો નેહરુને જે સફળતા મળી એ અત્યારના શાસકોને પણ મળે. પણ એને માટે કાયદા પંચે કહ્યું એમ પરિવારની અંદર અને આપણા પોતાના સમાજની અંદર નજર કરવી જોઈએ અને સુધારા કરવા જોઈએ. આવા સુધારા કરવા માટે ભૂમિકા બનાવવી જોઈએ. મોટાભાગના પારિવારિક કાયદાઓ (પર્સનલ લોઝ) સ્ત્રીઓને અન્યાય કરનારા છે. અલગ અલગ કોમમાં અન્યાયનું સ્વરૂપ માત્ર અલગ અલગ છે, પણ તેનાથી મુક્ત કોઈ નથી. કોઈ પણ પ્રકારના કોમી એજન્ડા વિના આમ કહેતા શીખવું જોઈએ. Between નહીં within.

## સિલી પોઈંટ

